## સ્વામી વિવેકાનંદ જયંતિ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૧૨/૦૧/૨૦૧૮ના રોજ યુનિવર્સિટીના પરિસરમાં ગૌતમ હોલ ખાતે સ્વામી વિવેકાનંદ જયંતિ કાર્યક્રમનું આયોજન એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમના મુખ્ય વક્તા અને અતિથિ વિશેષ ડૉ. કમલેશ ઉપાધ્યાય, યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની , કા. કુલસચિવશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય તથા પ્રો. અજીતસિંહ રાણા, પ્રો. ડૉ. નિલેશભાઈ મોદી, ડૉ. પ્રફુલ્લ જોશી ,ડૉ. મનોજ શાહ, ડૉ. આવા શુકલા, ગોવિંદસિંહ રાજપૂત, ભાવિનભાઈ ત્રિવેદી તથા યુનિવર્સિટીના કર્મચારીગણની ઉપસ્તિથિમાં યુનિવર્સિટીની પરંપરા મુજબ યુનિવર્સિટી ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. મંચસ્થ અતિથિ તથા યુનિવર્સિટીના અધિકારીગણ દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમ શરુ થયો.





ત્યારબાદ ભાવિનભાઈ ત્રિવેદી દ્વારા સ્વાગતીય અને પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ દ્વારા અતિથિશ્રીનું પુસ્તક, પુષ્પગુચ્છ, ખેસ, સ્મૃતિ ચિહ્ન અને શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું.





પ્રો. ડૉ. યોગેન્દ્રભાઈ પારેખ, ડૉ. આવા શુકલાએ યુવા પેઢીએ આગળ કઈ રીતે વધવું તેનું સચોટ જ્ઞાન પોતાના વક્તવ્યમાં આપ્યું હતું. મુખ્ય અતિથિ વક્તાશ્રી ડૉ. કમલેશ પંડયાજીએ સ્વામી વિવેકાનંદજીના સુચવેલા ઉદ્દેશ્યો

અને પોતાના અનુભવો દ્વારા તેમજ પોતાના લક્ષ્યને ધ્યાનમાં રાખીને યુવા પેઢીને આગળ વધવા માટેનું આગળ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.









કાર્યક્રમના અંતે કા. કુલસચિવ પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ થયો.